# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 06-05-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : TUESDAY** **National News**

આકાશવાણી સમાચાર પ્રવેશ અડિએચા વાંચે છે.

*****************************************************

1) **દેશભરમાં આવતીકાલે યોજાનારી મોક ડ્રીલ પહેલા કેન્દ્રીય ગૃહ સચિવ અને રાજ્યોના મુખ્ય સચિવો વચ્ચે બેઠક યોજાઈ.**

2) **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલ સાથે ઉચ્ચ-સ્તરીય બેઠક કરી.**

3) **પ્રવર્તન નિદેશાલય-ઇડીએ વક્ફ મિલકત કૌભાંડ મામલે અમદાવાદમાં 10 સ્થળોએ દરોડા પાડ્યા.**

4) **ન્યૂઝીલેન્ડના સાંસદે 16 વર્ષથી નાની વયના બાળકો દ્વારા સોશિયલ મીડિયાનાં ઉપયોગ પર પ્રતિબંધની દરખાસ્ત કરી.**

5) **IPLમાં, આજે સાંજે મુંબઇમાં ગુજરાત ટાઇટન્સ અને મુંબઈ ઈન્ડિયન્સ વચ્ચે મુકાબલો.**

.....................................................................

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# MOCK DRILL NOON

દેશભરમાં આવતીકાલે યોજાનારી મોક ડ્રીલ અંગે કેન્દ્રીય ગૃહ સચિવ ગોવિંદ મોહન અને રાજ્યોના મુખ્ય સચિવો વચ્ચે વીડિયો કોન્ફરન્સિંગનાં માધ્યમથી બેઠક કરી રહ્યા છે. ગૃહ-મંત્રાલય કાર્યાલયમાં ચાલી રહેલી બેઠકમાં નાગરિક સુરક્ષા મહાનિદેશક, રાષ્ટ્રીય આપત્તિ પ્રતિભાવ દળ-NDRF અને અન્ય વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા છે.

ઉલ્લેખનીય છે કે, ગૃહ મંત્રાલયે કેટલાક રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોમાં નાગરિક સંરક્ષણ સજ્જતાનું મૂલ્યાંકન કરવા દેશનાં 244 પસંદગીનાં જિલ્લામાં ગ્રામ્ય સ્તર સુધી સુરક્ષા અભ્યાસ કરવાનો નિદેશ આપ્યો છે.

મોક ડ્રીલના હેતુ અંગે વધુ વિગતો આપે છે અમારા સંવાદદાતા

(VOICE CAST SAKLAIN-AKHTAR)

# NSA-PM MEET

પહલગામ આતંકવાદી હુમલા બાદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી શ્રેણીબદ્ધ ઉચ્ચ સ્તરીય બેઠકો યોજી રહ્યાં છે. બેઠકોના ભાગરૂપે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર અજીત ડોભાલે આજે નવી દિલ્હીમાં શ્રી મોદી સાથે તેમના નિવાસસ્થાને બેઠક કરી હતી..

ગઈકાલે સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહે પ્રધાનમંત્રી સાથે મુલાકાત કરી હતી. અગાઉ વાયુસેનાના વડા એરચીફ માર્શલ અમર પ્રીત સિંહે પણ શ્રી મોદી સાથે બેઠક યોજી હતી. નૌકાદળના વડા એડમિરલ દિનેશ કે. ત્રિપાઠી અને સેના પ્રમુખ જનરલ ઉપેન્દ્ર દ્વિવેદી સાથે અલગ અલગ બેઠકો યોજાઈ હતી.

# US SPEAKER-TERRORISM

અમેરિકાના પ્રતિનિધિ ગૃહના અધ્યક્ષ માઇક જ્હોન્સને જણાવ્યું કે, ત્રાસવાદ સામેની લડાઇમાં અમેરિકા ભારતને મદદ કરવાના તમામ પ્રયાસ કરશે. ગઈકાલે કોંગ્રેસને કરેલા નિવેદનમાં શ્રી જ્હોન્સને ભારતને અમેરિકા માટે અત્યંત મહત્વનું ભાગીદાર ગણાવ્યું.

# ED RAID IN AHMEDABAD

પ્રવર્તન નિદેશાલય-ઇડીએ વક્ફ મિલકતોને ભાડે આપવાના 100 કરોડ રૂપિયાના કૌભાંડ મામલે અમદાવાદમાં 10 સ્થળોએ દરોડા પાડ્યા છે. સલીમ જુમ્માખાન પઠાણ અને અન્ય પાંચ વ્યક્તિઓએ વક્ફ બોર્ડના ટ્રસ્ટી હોવાનો દાવો કરીને વક્ફ મિલકતોમાંથી ગેરકાયદેસર રીતે ભાડુ વસલ્યુ હોવાનો આરોપ છે.

ગાયકવાડ હવેલી પોલીસ મથક દ્વારા આ કેસમાં દાખલ થયેલી એફઆઇઆરને પગલે ઇડીએ દરોડા પાડ્યા છે.

# SC JUDGES ASSETS

સર્વોચ્ચ અદાલતે તેના ન્યાયમર્તિઓની સંપત્તિની વિગતો અદાલતની વેબસાઇટ પર જાહેર કરી છે. વેબસાઇટ મુજબ હાલ સર્વોચ્ચ અદાલતમાં 33 ન્યાયમૂર્તિ છે, જેમાંથી 21 ન્યાયમૂર્તિઓએ તેમની સંપત્તિ જાહેર કરી છે, જેમાં ભારતના મુખ્ય ન્યાયમૂર્તિનો પણ સમાવેશ થાય છે.

ન્યાયતંત્રમાં પારદર્શિતા લાવવાના ભાગરૂપે સર્વોચ્ચ અદાલતનાં તમામ ન્યાયમૂર્તિઓ એક એપ્રિલ, 2025નાં રોજ વેબસાઇટ પર પોતાની સંપત્તિની વિગતો રજૂ કરવા સંમત થયા હતા.

# NZ-SOCIAL MEDIA BAN

ન્યૂઝીલેન્ડના સાંસદે 16 વર્ષથી નાની વયના બાળકો દ્વારા સોશિયલ મીડિયાનાં ઉપયોગ પર પ્રતિબંધ મૂકવાની દરખાસ્ત કરી છે. નેશનલ પાર્ટીના સાંસદ કેથરિન વેડ્ડે મેમ્બર બિલ રજૂ કર્યું છે, જેમાં સોશિયલ મિડિયા કંપનીઓએ ઉપયોગકર્તાની વય ચકાસવાની રહેશે અને સગીરોને ખાતુ ખોલતા અટકાવવામાં આવશે. સૂચિત કાયદા હેઠળ નિયમનું પાલન નહીં કરનાર પ્લેટફોર્મને નાણાંકીય દંડ કરાશે.

આ બિલને પ્રધાનમંત્રી ક્રિસ્ટોફર લક્સને પણ ટેકો આપ્યો છે. તેમણે આ દરખાસ્તને સરકારી બિલ તરીકે અપનાવવા સંમતિ વ્યક્ત કરી છે.

ઉલ્લેખનીય છે કે, ઓસ્ટ્રેલિયાએ સેનેટમાં બિલ પસાર કરીને નવેમ્બર 2024માં દેશમાં 16 વર્ષથી ઓછી વયના બાળકોને સોશિયલ મિડિયાનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ મૂક્યો હતો.

# IPL

આઇપીએલ ક્રિકેટમાં, આજે, મુંબઈ ઈન્ડિયન્સ અને ગુજરાત ટાઇટન્સ વચ્ચે મુકાબલો થશે. મુંબઈના વાનખેડે સ્ટેડિયમમાં રમાનારી આ મેચ સાંજે 7.30 વાગ્યે શરૂ થશે.

ગઇકાલે રમાયેલી દિલ્હી કેપિટલ્સ અને સનરાઇઝર્સ હૈદરાબાદ વચ્ચેની મેચ ભારે વરસાદને કારણે રદ કરવામાં આવી હતી. બંને ટીમને એક પોઈન્ટ મળ્યો હતો, પરંતુ સનરાઇઝર્સ હૈદરાબાદ સત્તાવાર રીતે પ્લેઓફની રેસમાંથી બહાર થઈ ગયું છે, જ્યારે દિલ્હી કેપિટલ્સ પાંચમા સ્થાને રહી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# FOOTBALL

છત્તીસગઢના નારાયણપુર ખાતે રમાઈ રહેલી સ્વામી વિવેકાનંદ અંડર 20 નેશનલ ફૂટબોલ ચેમ્પિયનશીપમાં ગુજરાતે છત્તીસગઢ સામે 3-2થી વિજય મેળવ્યો હતો. ગુજરાતે તેની ચોથી અને અંતિમ લીગ મેચમાં વિજય હાંસલ કર્યો હતો. ભારતની 36 ટીમ વચ્ચે રમાઈ રહેલી ચેમ્પિયનશીપમાં ગુજરાતે ચારમાંથી ત્રણ મેચમાં જીત હાંસલ કરી છે..

# FOREGIN TRADE CENTRE

ભારત સરકારના શિક્ષણ મંત્રાલયે ગુજરાતના ગાંધીનગર સ્થિત ગિફ્ટ સિટી ખાતે નવી દિલ્હીના ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફોરેન ટ્રેડ પરિસર બહારના કેન્દ્રની સ્થાપનાને મંજૂરી આપી છે. આ કેન્દ્રની સ્થાપના UGCના ઇન્સ્ટિટ્યુશન્સ ડીમ્ડ ટુ બી યુનિવર્સિટીઝ રેગ્યુલેશન્સ, 2023 મુજબ કરાશે.

જાન્યુઆરી 2025માં જારી કરાયેલા લેટર ઓફ ઇન્ટેન્ટમાં નિર્ધારિત શરતોનું I.I.F.T. દ્વારા સફળતાપૂર્વક પાલન કર્યા પછી, UGC એક્ટ, 1956ની કલમ  હેઠળ આ મંજૂરી આપવામાં આવી છે. આમાં 1 હજાર થી વધુ વિદ્યાર્થીઓ સાથે બહુ-શાખાકીય સંસ્થાની સ્થાપના માટે વિકાસ રોડમેપ રજૂ કરવા, લાયક ફેકલ્ટીની ઉપલબ્ધતા, વિગતવાર શૈક્ષણિક કાર્યક્રમો, કાયમી કેમ્પસ માટે આયોજન અને અત્યાધુનિક પુસ્તકાલયનું નિર્માણ સામેલ છે.

# SITHARAMAN-ADB

કેન્દ્રીય નાણામંત્રી નિર્મલા સીતારમણે એશિયન ડેવલપમેન્ટ બેંકની વાર્ષિક બેઠક દરમિયાન ઇટાલીના નાણામંત્રી ગિયાનકાર્લો જિયો-જેટ્ટી સાથે બેઠક યોજી. બેઠકમાં બંને દેશ વચ્ચે આર્થિક સંબંધોને મજબૂત બનાવવા અને પરસ્પર હિતના મુદ્દાઓ પર સહયોગ વધારવા અંગે ચર્ચા કરવામાં આવી.

આ બેઠકમાં ગયા વર્ષે નવેમ્બરમાં પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ઇટાલીના પ્રધાનમંત્રી જિયોર્જિયા મેલોની દ્વારા જાહેર કરાયેલા સંયુક્ત વ્યૂહાત્મક કાર્ય યોજનાના અમલીકરણ અંગે ચર્ચા કરવામાં આવી. બંને નાણામંત્રીએ બહુપક્ષીય વિકાસ બેંકોમાં સુધારા કરવા અને તેમને વિકાસશીલ દેશોની જરૂરિયાતો પ્રત્યે વધુ પ્રતિભાવશીલ બનાવવા અંગે પણ ચર્ચા કરી.

સુશ્રી સીતારમણે જાપાનના નાણામંત્રી સાથે પણ મુલાકાત કરી અને વૈશ્વિક ભાગીદારીને મજબૂત બનાવવા અંગે ચર્ચા કરી. તેમણે કહ્યું કે ભારત-જાપાન ભાગીદારી ભારત-પ્રશાંત ક્ષેત્રમાં શાંતિ, સમૃદ્ધિ અને સ્થિરતા માટે મહત્વપૂર્ણ છે.

# JAISHANKAR-GATI

વિદેશ મંત્રી ડૉ. એસ. જયશંકરે કહ્યું છે કે પ્રતિભાઓની વૈશ્વિક માગને પહોંચી વળવા ભારત સક્ષમ છે. નવી દિલ્હીમાં આજે ગ્લોબલ એક્સેસ ટુ ટેલેન્ટ ફ્રોમ ઇન્ડિયા 'જી. એ. ટી. આઈ.' ના વિદેશમાં ઉભી થતી રોજગારીની તક પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવા પર શ્રી જયશંકરે ભાર મૂક્યો હતો.

કાર્યક્રમના ઉદઘાટન પ્રસંગે બોલતા તેમણે કહ્યું હતું કે સરકારે કૌશલ્ય-વર્ધન માટેનો માર્ગ વધુ સરળ કરતા આપણી ક્ષમતામાં વધારો થયો છે. તેના કારણે પ્રતિભાશાળી યુવાનો તૈયાર થઈ રહ્યાં છે.

# PUNJAB POLICE: JOINT OPERATION

પંજાબ પોલીસ અને કેન્દ્રીય એજન્સીઓએ સંયુક્ત ઓપરેશનમાં શસ્ત્રો અને દારૂગોળાનો મોટો જથ્થો જપ્ત કર્યો છે. પંજાબના પોલીસ મહાનિદેશક ગૌરવ યાદવે એક સોશિયલ મીડિયા સંદેશમાં જણાવ્યું હતું કે અમૃતસરના સ્ટેટ સ્પેશિયલ ઓપરેશન સેલે  એક કેન્દ્રીય એજન્સી સાથે મળીને એસ. બી. એસ. નગરમાં ટિબ્બા નાંગલ-કુલાર માર્ગ નજીકના જંગલ વિસ્તારમાંથી રોકેટ પ્રોપેલર્સ, આઈ. ઈ. ડી. અને હેન્ડ-ગ્રેનેડ સહિતનો શસ્ત્રોનો મોટો જથ્થો જપ્ત કર્યો હતો.

સ્લિપર સેલને ફરી સક્રિય કરવાઆ સમગ્ર મામલે પાકિસ્તાનની ISIનો હાથ હોવાની પણ શંકા સેવાઇ રહી છે. રાષ્ટ્રીય હિત સામે ખતરા સમાન કોઇ પણ પ્રવૃત્તિને સખત હાથે ડામી દેવાનો પંજાબ પોલીસે પુનરોચ્ચાર કર્યો હતો.

# MALDIVES PLANS

માલદીવે કતારની માલિકીની MBS ગ્લોબલ ઇન્વેસ્ટ-મેન્ટ્સ સાથે ભાગીદારીની જાહેરાત કરી છે. આ ભાગીદારી અંતર્ગત માલેમાં 8.8 બિલિયન ડોલરનું માલદીવ્સ ઇન્ટરનેશનલ ફાઇનાન્શિયલ સેન્ટર (MIFC) બનાવવાની યોજના જાહેર કરી છે. વર્ષ 2030 સુધીમાં પૂર્ણ થવાની યોજના દ્વારા વૈશ્વિક નાણાકીય સંસ્થાઓ, ફિનટેક કંપનીઓ અને ડિજિટલ નોમાડ્સને આકર્ષવાનો છે.

શૂન્ય કોર્પોરેટ ટેક્સ, કરમુક્ત વારસો, સંપૂર્ણ માલિકી અધિકારો અને કોઈ રહેઠાણની આવશ્યકતાઓ ઓફર કરીને, ફાઇનાન્શિયલ સેન્ટર બહુ-ચલણ બેંકિંગ અને ઓફશોર ખાનગી બેંકિંગને મજબૂત બનાવશે.